એલીસબ્રીજ પોલીસ સ્ટેશન
અમદાવાદ શહેર

ટેલીફોન નં. ૦૭૯-૨૬૫૭૮૨૦૨
Email.polstn-ellis-ahd@gujarat.gov.in

તા.૧૮/૦૭/૨૦૧૯

# પ્રેસનોટ

મે. નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૭ કે.એન.ડામોર સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર એમ વિભાગ વી.જી. પટેલ સાહેબ નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ એલીસબ્રીજ પો.સ્ટે. પો.ઈન્સ. એ.એસ.પટેલ નાઓએ એલીસબ્રીજ પો.સ્ટે. ના મિલકત સબંધી ગુનાઓમાં પકડાયેલ આરોપીઓની સઘન પુછપરછ કરી અમદાવાદ શહેર તથા એલીસબ્રીજ પો.સ્ટે. માં કેટલા કેટલા ગુનાઓ આચરેલ છે. જે સબંધે ઘનિષ્ટ પુછપરછ કરવા સુચના કરેલ જે સુચના માર્ગદર્શન મુજબ અમો સર્વેલન્સ સ્કોડના **પો.સ.ઈ. શ્રી એ.પી. જેબલીયા** અને સ્ટાફના હે.કો. રણજીતસિંહ લક્ષ્મણસિંહ તથા હે.કો. અખિલેશકુમાર જગદીશ તથા પો.કો. મો.ફારૂકખાન અલીખાન તથા પો.કો. અલ્પેસભાઈ વાઘ્ભાઈ તથા પો.કો. રાહુલકુમાર વશરામભાઈ તથા પો.કો. મહેન્દ્રભાઈ રમેશભાઈ તથા પો.કો. મુળુભાઈ વેજાભાઈ તથા પો.કો. નરેશભાઈ ભારમલભાઈ તથા વુ. લોકરક્ષક વંદનાબેન પ્રભુભાઈ નાઓની સંયુક્ત ટીમે એલીસબ્રીજ પો.સ્ટે. ફ.ગુ.ર.નં. ૪૫/૧૯ ઈપીકો કલમ ૩૭૯ , ૩૫૬ , ૧૧૪ મુજબના ગુનાના કામે પકડાયેલ આરોપી **મુજીબુલ્લાખાન અરબદુલ્લાખાન પઠાણ ઉવ.૨૩ રહે, ૨૧૫૭ ગ્રાઉન્ડ ફ્લોર મરદાન મંજીલ ભીલવાસની સામે જુના કાગદીવાડ ખાનપુર અમદાઆદ શહેર** નાને વિશ્વાસમાં લઈ યેન કેન પ્રકારે સઘન પુછપરછ કરતાં ગઈ તા. ૧૦/૦૬/૧૯ ના રોજ ક. ૧૩/૦૦ વાગે પોતે અને પોતાનો મિત્ર ચિરાગ મો.હનીફ શેખ નાની સાથે પોતાની પાસેની કાળા કલરની એક્ટીવા લઈ આંબાવાડી જીએસટી ભવન આગળ આવેલ અને ઓટો રિક્ષામાં બેસેલ એક બહેનના ખોળામાંનો પર્સ ઝુંટવી ચીલ ઝડપ કરી ચોરી કરી લઈ ગયેલ જે પર્સમાંથી રોકડા રૂ. ૨૦૦૦/- મળેલ જે સરખા ભાગે વહેંચી લીધેલ અને લેડીઝ કાંડા ઘડીયાળ તથા મો.ફોન અને પરચુરણ ડોક્યુમેન્ટ અને સામાન પૈકી મો.ફોન તોડી નાખેલ અને તમામ વસ્તુઓ અને પર્સ ખાનપુર પથ્થરવાલી મસ્જીદની સામે આવેલ તુટેલ બિલ્ડીંગની આગળ કચરામાં નાંખી દીધેલ હોવાનું જણાવેલ જે સબંધે **એલીસબ્રીજ પો.સ્ટે. ફ.ગુ.ર.નં. ૪૬/૧૯ ઈપીકો કલમ ૩૭૯ , ૩૫૬ , ૧૧૪ મુજબનો ગુનો દાખલ થયેલ હોય** જે ગુનાની કબુલાત કરતાં આરોપીને જેલયાદી આધારે સાબરમતી સેન્ટ્રલ જેલ ખાતેથી લાવી ગુનાના કામે તા. ૧૮/૦૭/૧૯ ના ક. ૧૩/૦૦ વાગે અટક કરી સારી કામગીરી કરેલ છે. અને હાલમાં આરોપીની અન્ય ચોરીઓ સબંધે પુછપરછ ચાલુ છે. અને આરોપી અગાઉ સને ૨૦૧૬ માં અમદાવાદ શહેરમાં મોબાઈલ સ્નેચીંગના કુલ – ૨૦ ગુનાઓમાં પકડાયેલ છે. તેમજ હાલમાં નવરંગપુરા , વસ્ત્રાપુર , પાલડી , કારંજ પો.સ્ટે. માં બેગ લીફ્ટીંગના ગુનાઓમાં પકડાયેલ છે.

Scanned with CamScanner